# મહુવામાં પેટ્રોલ પંપ નજીક XL ગાડીમાં આગ લગતા અફરાતફરી



મહુવાના ભારત પેટ્રોલ પંપ પાસે ગુરુવારે એક XL ગાડીમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી. પંપ નજીક જ ગાડી હોવાથી મોટો અકસ્માત થવાની ભીતિથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો.તત્કાલ પેટ્રોલ પંપના કર્મચારીઓએ સમયસૂચકતા વાપરી ફાયર એક્સ્ટિંગ્વિશર વડે આગ પર કાબૂ મેળવી લીધો હતો. કર્મચારીઓની ઝડપી કામગીરીથી મોટી જાનહાનિ ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી, જ્યારે આગ લાગવાનું સચોટ કારણ હજુ અબંધિત છે.

# ઈન્દિરાનગરમાં દેશી દારૂના ભઠ્ઠા પર દરોડામાં બે મહિલાઓ સામે ફરિયાદ

ભાવનગર,તા.૨૫

ભાવનગરના માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલા ઈન્દિરાનગર વિસ્તારમાં વરતેજ પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને ગેરકાયદેસર દેશી દારૂ બનાવવાનો ભઠ્ઠો ઝડપી પાડ્યો હતો. પોલીસ પેટ્રોલીગ દરમિયાન બાતમી મળી હતી કે ઈન્દિરાનગરમાં હનુમાન દાદાના મંદિર પાસે રહેતી શોભાબેન નાનુભાઈ મકવાણા અને પારૂલબેન નાનુભાઈ મકવાણા પોતાના રહેણાંક મકાનના ફળીયામાં દેશી દારૂ બનાવી તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો.પોલીસની તપાસ દરમિયાન ફળીયામાંથી ૫૦ લિટર દેશી દારૂ તેમજ દારૂ બનાવવાનો ૧૧૦૦ લિટર આથોમળી આવ્યો હતો. પોલીસે સેમ્પલ મેળવીને બાકીનો ૧૧૦૦ લિટર આથો અને પ્લાસ્ટિકના ૯ ટીપણા સ્થળ પર જ ફોડીને નાશ કર્યા હતા. આ મામલે વરતેજ પોલીસે બંને મહિલા આરોપીઓ શોભાબેન મકવાણા અને પારૂલબેન મકવાણા સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૬૫(એફ) અને ૮૧ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કોબડી ટોલનાકા પાસે બોલેરો અડફેટે બાઈક સવાર શ્રમિકને ગંભીર ઈજા

## નાગધણીબાના યુવાનને અડફેટે લઈ બોલેરો ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો

ભાવનગર,તા.૨૫

ભાવનગર તાલુકાના સરતાનપરના પાટીયા પાસે એક હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે, જેમાં પૂરઝડપે આવી રહેલી બોલેરો ગાડીએ મોટરસાયકલ સવારને જોરદાર ટક્કર મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા છે.

મળતી વિગતો અનુસાર, નાગધણીબા ગામે રહેતા ૨૯ વર્ષીય રણજીતભાઈ સુખાભાઈ મકવાણા કડિયા કામની મજૂરી કરીને પોતાના મોટરસાયકલ પર પરત ફરી રહ્યા હતા. બપોરના આશરે ત્રણેક વાગ્યાના અરસામાં તેઓ સરતાનપરના પાટીયા પાસે પહોંચ્યા ત્યારે સામેથી આવી રહેલી બોલેરો ગાડી (રજી. નં. GJ 18 AC 6642)ના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મોટરસાયકલ સાથે અથડાવી દીધું હતું.

આ અકસ્માતમાં રણજીતભાઈને પગના ભાગે ગંભીર ઈજાઓ અને ફ્રેક્ચર થતાં સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જીને બોલેરો ચાલક વાહન સાથે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે વરતેજ પોલીસે અજાણ્યા બોલેરો ચાલક સામે ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હેડ કોન્સ્ટેબલ રીટભાઈ શામજીભાઈ સોરઠીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# શેત્રુંજી નદી કિનારે ગેરકાયદે મચ્છીમારી કરતા શખ્સ સામે પોલીસે ગુનો નોંધ્યો

## જાહેરનામાનો ભંગ કરી ટ્રેક્ટરની ટ્યુબ વડે માછીમારી કરનાર ઈસમ અટકાયતમાં; ૧૨ કિલો મચ્છી જપ્ત

ભાવનગર,તા.૨૫

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના ડુંગરપુર ગામની સીમમાં આવેલ શેત્રુંજી ડેમ નદીના કિનારે ગેરકાયદેસર રીતે માછીમારી કરતા એક ઈસમને પાલીતાણા રૂરલ પોલીસે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. જે. જી. ભંડારી અને સ્ટાફ પેટ્રોલીગમાં હતા તે દરમિયાન ડુંગરપુર ગામની સીમમાં ગેરકાયદેસર મચ્છીમારી થતી હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા શેત્રુંજી ડેમ નદીના કિનારે ટ્રેક્ટરની ટ્યુબની મદદથી માછીમારી કરી રહેલો ભરતભાઈ અમરશીભાઈ બકરાણીયા (ઉ.વ. ૩૮, રહે. ડુંગરપુર, પાલીતાણા) નામનો શખ્સ મળી આવ્યો હતો.

પોલીસે તપાસ કરતા તેની પાસેથી પાસ પરમિટ વગરની આશરે ૧૨ કિલો મરેલ મચ્છી (કિંમત રૂ. ૧,૨૦૦) મળી આવી હતી. એડિશનલ જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર દ્વારા શેત્રુંજી નદીના ૮ કિલોમીટર સુધીના વિસ્તારમાં માછીમારી પર પ્રતિબંધ મુકતા જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસે આરોપીની અટકાયત કરી તેની સામે BNS કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરમાં ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતીમેળો યોજાયો, ૬ ઉમેદવારોને રોજગાર પત્ર એનાયત

## ૩૦થી વધુ કંપનીઓની ભાગીદારી સાથે યુવાનોને રોજગારી અને પ્રશંસા પત્રો એનાયત કરાયા




ભાવનગર,તા.૨૫

ભાવનગરના મોતીબાગ ખાતે આવેલા અટલ બિહારી વાજપેયી ઓપન એર થિયેટરમાં ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે ક્લસ્ટર કક્ષાના રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા અને તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા યુવાનોને તેમની લાયકાત, કૌશલ્ય અને આવડત મુજબ રોજગારી મળે તે હેતુથી રોજગારદાતાઓ અને ઉમેદવારોને એક જ મંચ પર લાવવા આવા ભરતીમેળાઓ યોજવામાં આવે છે. વાઈબ્રન્ટ ગુજરાતના કારણે નવા ઉદ્યોગો અને રોકાણને વેગ મળતાં રોજગારીની નવી તકો ઊભી થઈ રહી છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મેયર ઉષાબેન તલરેજાએ શિક્ષણની સાથે કૌશલ્ય, ટેકનિકલ જ્ઞાન અને માર્ગદર્શનને મહત્વપૂર્ણ ગણાવી યુવાનોને પોતાની ક્ષમતાનો પૂરો ઉપયોગ કરી કારકિર્દીને નવી દિશા આપવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ૬ ઉમેદવારોને રોજગાર એનાયત પત્ર અને ૫ નોકરીદાતાઓને પ્રશંસા પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ભરતીમેળામાં ક્રેસિલ લિમિટેડ, આઈ.પી.સી.એલ., સ્ટીલ કાસ્ટ લિમિટેડ, સુમિટોમો કેમિકલ, મધુસિલિકા અને આવડકૃપા પ્લાસ્ટોમેક સહિત ૩૦થી વધુ અગ્રણી કંપનીઓએ ભાગ લીધો હતો.

મેન્યુફેક્ચરિંગ, બેન્કિંગ, આઈ.ટી., હોસ્પિટલ, ટેક્સટાઈલ અને સિક્યુરિટી જેવા ક્ષેત્રોમાં જુનિયર એન્જિનિયર, સુપરવાઈઝર, કેમિસ્ટ, ફિટર અને ઈલેક્ટ્રિશિયન જેવી વિવિધ ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ આયોજનમાં જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુ, જિલ્લા રોજગાર અધિકારી પ્રજાપતિ, આઈ.ટી.આઈ. પ્રિન્સિપાલ મુકેશભાઈ મીઠાપરા સહિત ત્રણેય જિલ્લાના મોટી સંખ્યામાં રોજગારવાંચ્છુઓ અને નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કુરિયર કંપનીના ગોડાઉનમાંથી શટર ઊંચું કરી ૧૧ પાર્સલ સેરવી લેવાયા

## જૂના બંદર રોડ પર આવેલ 'CI EXPRESS'ના ગોડાઉનને તસ્કરોએ નિશાન બનાવ્યું

ભાવનગર,તા.૨૫

ભાવનગર શહેરના જૂના બંદર રોડ પર આવેલ જાણીતી કુરિયર કંપનીના ગોડાઉનમાંથી અજાણ્યા તસ્કરો શટર ઊંચું કરીને અંદર પ્રવેશી કુલ ૧૧ કિંમતી પાર્સલ બોક્સની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે કંપનીના બ્રાન્ચ ઈન્ચાર્જે ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો અનુસાર, સુભાષનગર વિસ્તારમાં રહેતા અને જૂના બંદર રોડ પર બીલાલ શેઠના કાંટા પાછળ આવેલ 'TCI EXPRESS LTD' કુરિયર કંપનીમાં છેલ્લા ત્રણ વર્ષથી બ્રાન્ચ ઈન્ચાર્જ તરીકે નોકરી કરતા પંકજકુમાર વિજયશંકર ત્રિપાઠી (ઉ.વ. ૩૨) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૨૧/૦૯/૨૦૨૬ના રોજ ડીલિવરી માટે ગાડી ભરતી વખતે અમુક પાર્સલ ઓછાં જણાતાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

અમદાવાદ હબ ખાતેથી આવેલા પાર્સલોની ગણતરી અને સ્ટોક ચેક કરતા માલૂમ પડ્યું હતું કે, તા. ૧૮/૦૯/૨૦૨૬થી તા. ૨૧/૦૯/૨૦૨૬ દરમિયાન ગોડાઉનના શટરના નીચેના ભાગના ખીલ્લા નીકળી ગયા હોવાથી કોઈ અજાણ્યો શખ્સ શટર ઊંચું કરીને અંદર પ્રવેશ્યો હતો અને જુદી જુદી કંપનીઓ/પાર્ટીઓના કુલ ૧૧ પાર્સલ બોક્સની ચોરી કરી ગયો હતો. ચોરાયેલા પાર્સલોની ચોક્કસ સંખ્યા અને ગણતરી કરવામાં સમય લાગતાં અંતે તા. ૨૪/૦૯/૨૦૨૬ના રોજ ગંગાજળિયા પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે BNSની કલમ ૩૦૫(a) અને ૩૨૯(૪) હેઠળ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ ચંપકસિંહ જાડેજાએ આગળની તપાસ હાથ ધરી છે. ચોરાયેલા માલસામાનની કિંમત બિલની ખરાઈ બાદ સ્પષ્ટ થશે તેવું પોલીસે જણાવ્યું છે.

# નજર હટી અને ઘટના ઘટી ! : મહુવામાં બાઈકની ચોરી, સીસીટીવીમાં ઘટના કેદ

ભાવનગર,તા.૨૫

મહુવા શહેરમાં જૂની સરકારી હોસ્પિટલ સામે આવેલ પૂજા કોમ્પ્લેક્ષ નજીકથી એક બાઈકની ચોરી થવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, મહુવા ખાતે જનતા પ્લોટ વિસ્તારમાં રહેતા અને બાપાસીતારામ ફ્રૂટની દુકાન ચલાવતા અજયભાઈ મનુભાઈ જાબુંચાએ ગત તા. ૧૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે પોતાની દુકાન પાસે હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ (રજી. નં. GJ-04-EH-8258) પાર્ક કર્યું હતું. શરતચૂકથી બાઈકની ચાવી વાહનમાં જ રહી ગઈ હતી. બપોરના આશરે ૧:૩૦ વાગ્યાના અરસામાં બાઈક ન જણાતાં આસપાસના સીસીટીવી કમેરા તપાસવામાં આવ્યા હતા. જેમાં સામે આવ્યું કે બપોરે આશરે ૧:૦૧ વાગ્યે બે અજાણ્યા શખ્સો ફ્રૂટનો ભાવ પૂછવાના બહાને આવ્યા હતા અને તકનો લાભ ઉઠાવી બાઈક ચાલુ કરીને રફૂચક્કર થઈ ગયા હતા.

આ અંગે ફરિયાદીએ શરૂઆતમાં સીટીઝન પોર્ટલ પર ઈ-ફરિયાદ નોંધાવ્યા બાદ, મહુવા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે રૂ. ૩૦,૦૦૦ની કિંમતના બાઈકની ચોરી અંગે વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે BNS કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી મહિલા ASI ડાભી દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## ચાવી બાઈકમાં રહી જતાં બે અજાણ્યા શખ્સો નજર ચૂકવી સ્પ્લેન્ડર બાઈક લઈને ફરાર

# નવી કામળોલના કામનાથ મહાદેવ મંદિરેથી દુંદાળા દેવને ભાવપૂર્ણ વિદાય

## ગણેશ ચતુર્થીથી દસ દિવસ આતિથ્ય માણ્યા બાદ 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે ચેકડેમમાં વિસર્જન, ભાવિકોની આંખો ભીની થઈ



ભાવનગર,તા.૨૫

તળાજાના નવી કામળોલ સ્થિત કામનાથ મહાદેવ મંદિર આશ્રમ ખાતે ગણેશ ચતુર્થીના પાવન પર્વે સ્થાપિત કરવામાં આવેલા દુંદાળા દેવ શ્રીજીનું દસ દિવસ સુધી શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક આતિથ્ય માણ્યા બાદ આજે ભારે હૃદયે અને અશ્રુભીની આંખે વિસર્જન કરવામાં આવ્યું હતું.

ગણેશ મહોત્સવ દરમિયાન દસ દિવસ સુધી ધાર્મિક અનુષ્ઠાનો અને મહાઆરતી બાદ આજે અંતિમ દિવસે ગામના યુવકો તથા શ્રદ્ધાળુઓ દ્વારા 'ગણપતિ બાપ્પા મોરિયા, અગલે બરસ તૂ જલ્દી આ'ના ગગનભેદી નાદ સાથે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. ઢોલ-નગારા અને વાજતે-ગાજતે નીકળેલી આ શોભાયાત્રા ગામના વિવિધ માર્ગો પર ફરીને નદી કિનારે પહોંચી હતી. ત્યાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્રીજીનું પૂજન-અર્ચન કર્યા બાદ નજીકના ચેકડેમમાં ભક્તિમય માહોલમાં ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

# ત્રણ મહિના સુધી અનાજ નહિં લેનારના રેશનકાર્ડ 'સાયલન્ટ' કરવા માંગ: પુરવઠા સચિવને રજૂઆત

## ૯૭% વિતરણ લક્ષ્યાંકના દબાણથી મુક્તિ અને વાસ્તવિક લાભાર્થીઓની સ્પષ્ટતા માટે એસોસિએશનની માંગ

ભાવનગ,તા.૨૫

ભાવનગર જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં સસ્તા અનાજનો જથ્થો સતત ત્રણ મહિના સુધી મેળવવા ન આવતા હોય તેવા કાર્ડધારકોના રેશનકાર્ડ 'સાયલન્ટ' કરવાની માંગણીએ જોર પકડ્યું છે. આ અંગે ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશન દ્વારા રાજ્યના નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અગ્ર સચિવને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. ઈ-કેવાયસી પ્રક્રિયા બાદ અપાત્ર લાભાર્થીઓ સામે કાયદાકીય કાર્યવાહીની ચીમકીને પગલે અનેક કાર્ડધારકો અનાજ લેવા આવતા નથી, છતાં તેમના કાર્ડ કચેરીઓમાં સક્રિય બોલે છે. એસોસિએશનના જણાવ્યા મુજબ, આવા કાર્ડ સાયલન્ટ કરવાથી જાહેર વિતરણ વ્યવસ્થા પરનો બિનજરૂરી બોજ ઘટશે અને વાસ્તવિક જરૂરિયાતમંદ લાભાર્થીઓની સાચી સંખ્યા સામે આવશે. જો કોઈ ગ્રાહક પાછળથી યોગ્ય કારણ રજૂ કરે તો કાર્ડ સરળતાથી ફરી 'એક્ટિવ' કરવાની સુવિધા રાખવાની પણ અપીલ કરાઈ છે. એસોસિએશનના પ્રમુખ આર.બી. જાડેજાએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, સરકારે રૂ. ૨૦,૦૦૦નું લઘુતમ કમિશન મેળવવા માટે ૯૭% વિતરણ પૂર્ણ કરવાની શરત મૂકી છે. પરંતુ કાર્ડધારકો સ્વયં અનાજ લેવા ન આવે ત્યારે આ લક્ષ્યાંક હાંસલ કરવો અશક્ય બને છે. ગ્રાહકોની ગેરહાજરીનું પરિણામ વાજબી ભાવના દુકાનદારોએ ભોગવવું પડે છે, જે 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી સ્થિતિ નિર્માણ કરે છે. આ નિર્ણયથી અધિકારીઓ અને દુકાનદારો પરનું બિનજરૂરી દબાણ દૂર થશે.

# ભાવનગરમાં ગ્યારવીહ શરીફ નિમિત્તે ઝુલૂસ નીકળ્યું




શહેરમાં દર વર્ષની પરંપરા મુજબ જશ્ને ગૌષે આઝમ ઝુલૂસ કમિટી દ્વારા પીરાને પીર હઝરત ગૌષુલ આઝમ દસ્તગીરની ગ્યારવીહ શરીફ નિમિત્તે ભવ્ય ઝુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું. વડવા તલાવડી સ્થિત ગૌષીયા મસ્જિદથી શરૂ થયેલું આ ઝુલૂસ ઈમામવાડા, અલકા, મતવા અને શેલારશા ચોક થઈ સાંજે આંબાચોક જુમ્મા મસ્જિદ ખાતે સંપન્ન થયું હતું.માર્ગમાં શ્રદ્ધાળુઓ માટે ન્યાઝ તથા ઠંડા પીણાની વ્યવસ્થા કરાઈ હતી. આ પ્રસંગે વિવિધ મસ્જિદોના પેશઈમામ, મૌલાનાઓ, બાળકો અને મોટી સંખ્યામાં અગ્રણીઓ જોડાયા હતા. કમિટીના પ્રમુખ બનુહાસીમ સૈયદ હુસેનમીયાબાપુ અલફદ્દાક અને સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ભાવનગર રેલ મંડલ કચેરીમાં રાજભાષા હિન્દી પ્રદર્શન



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડલમાં રાજભાષા હિન્દીના પ્રચાર-પ્રસાર તથા અમલીકરણને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજભાષા માસ-૨૦૨૬નું આયોજન ઉત્સાહપૂર્વક કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભાવનગર મંડલ કચેરી સ્થિત રેલવે કમ્યુનિટી હોલ ખાતે વિભાગવાર રાજભાષા હિન્દી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રદર્શનનું ઉદ્ઘાટન મંડલ રેલ પ્રબંધક દિનેશ વર્માના હસ્તે અપર મંડલ રેલ પ્રબંધક ઋત્વિક શર્માની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડલના અધિકારીઓ તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# અગલે બરસ તું જલ્દી આના...ગણપતિ બાપ્પાની નીકળી વિસર્જન યાત્રા





તસવીર : ધવલ વાજા

વિઘ્નહર્તા દેવ ગણેશજીના મહોત્સવના આજે અંતિમ દિવસે અનંત ચતુર્દશીએ ઉત્સવનું સમાપન કરવામાં આવ્યું હતું , ભાવનગર શહેરમાં વિવિધ વિસ્તારોમાં વિવિધ મંડળો દ્વારા ગણેશ મહોત્સવના ભવ્ય આયોજન કરવામાં આવ્યા હતા. આજે અંતિમ દિવસે શોભાયાત્રા સાથે ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસ તું જલ્દી આ ના નારા સાથે ગણપતિ બાપાને વિદાઈ આપવામાં આવી હતી. ભાવનગર શહેરમાં ગણેશ ઉત્સવના ભવ્યાતિ ભવ્ય આયોજનો થાય છે આ વખતે પણ શહેરમાં ભવ્ય આયોજનો થયા હતા જેમાં ક્રેસન્ટ ખાતે સેતુબંધ માણેકવાડી મિત્ર મંડળ દ્વારા, કાળિયાબીડમાં રિદ્ધિ સિદ્ધિ મિત્ર મંડળ દ્વારા, તેમજ સરિતા સોસાયટી, ઘોઘાસર્કલ, પાનવાડી, રૂપાણી સર્કલ, ભરતનગર, ચિત્રા, સુભાષનગર સહીત વિસ્તારોમાં ગણેશ ઉત્સવના આયોજનો થયા હતા જેમાં દરરોજ મહા આરતી સહીત વિવિધ કાર્યક્રમોં યોજાયેલ ભાવિકોએ આસ્થાભેર બાપ્પાના દર્શનનો લાભ લીધેલ આજે ઉત્સવના અંતિમ દિવસે ઢોલ નાગર અને ડીજેના તાલે ગણેશજીની વિશર્જનયાત્રા કાઢવામાં આવી હતી જેમાં ભાવિકો આસ્થાભેર જોડાયા હતા. અને બાપ્પાની મૂર્તિનું ઘોઘા તેમજ કોળિયાક નિષ્કલંક મહાદેવના દરિયામાં વિશર્જન કરવામાં આવ્યું હતું.

## વિધર્મીઓ દ્વારા પ્રેમજાળમાં ફસાવવાનું ષડયંત્ર ! : 'ઓપરેશન સીતા' હેઠળ ૯ માસમાં ૧૭ સગીરા-મહિલાઓ મુક્ત કરાવતી પોલીસ

### એસપી નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ પોલીસે ભાવનગર શહેરના ૭ પોલીસ મથકના કેસો ઉકેલ્યા, દુષ્કર્મ અને પોક્સો હેઠળ ગુના નોંધી કડક કાનૂની કાર્યવાહી કરાઈ



ભાવનગર,તા.૨૫

ભાવનગર શહેર અને જિલ્લામાં સગીર વયની દીકરીઓ તેમજ મહિલાઓને પ્રેમજાળમાં ફસાવીને ધર્મ પરિવર્તન કરાવવા કે ભગાડી જવાનું સુઆયોજિત કાવતરું ચાલતું હોવાનું સામે આવતા જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન હેઠળ જાન્યુઆરી માસથી "ઓપરેશન સીતા" શરૂ કરવામાં આવ્યું હતું.

પોલીસની તપાસ મુજબ, આરોપીઓ ગરીબ અને હિન્દુ પરિવારની દીકરીઓને ટાર્ગેટ કરી, પ્રેમજાળમાં ફસાવી, બ્રેઈનવોશ કરવા ધાર્મિક વિડીયો બતાવી અને લોભ-લાલચ આપી વાલીઓની મરજી વિરુદ્ધ ભગાડી જતા હતા. પોલીસે આ ઓપરેશન હેઠળ અત્યાર સુધીમાં મુસ્લિમ શખ્સોના ચુંગાલમાંથી કુલ ૧૭ હિન્દુ સગીરાઓ અને મહિલાઓને સફળતાપૂર્વક મુક્ત કરાવી તેમના પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું છે. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય માનવ તસ્કરી અટકાવવાનો અને બે ધર્મો વચ્ચે તણાવ ન ફેલાય તેની કાળજી રાખવાનો હતો, કારણ કે આમાં માત્ર કેટલાક અસામાજિક તત્વો જ સામેલ હતા.

પોલીસે આ તમામ ૧૭ કિસ્સાઓ સફળતાપૂર્વક ઉકેલ્યા છે, જેમાંથી ૯ કિસ્સામાં વિધિવત પોલીસ ફરિયાદ, ૬ કિસ્સામાં જાણવા જોગ નોંધ અને ૨ અન્ય કિસ્સાઓનો સમાવેશ થાય છે. કેટલાક કેસમાં શારીરિક અડપલાં અને દુષ્કર્મ થયું હોવાથી પોક્સો તથા દુષ્કર્મની ગંભીર કલમો હેઠળ ગુના દાખલ કરાયા છે. તાજેતરમાં જ બુધવારે મોડી રાત્રે ભરતનગર પોલીસ મથક વિસ્તારમાંથી એક સગીરાને ભગાડી જવાની ઘટના બનતા, એ.એસ.પી. ઘનશ્યામ ગૌતમના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી., એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે તાત્કાલિક આરોપીને ઝડપી સગીરાને સલામત રીતે મુક્ત કરાવી હતી.

છેલ્લા ૯ માસ દરમિયાન જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં નોંધાયેલા કેસોની વિગત જોઈએ તો, નીલમબાગ પોલીસ મથકમાં ૫, ઘોઘારોડમાં ૪, બોરતળાવમાં ૩, ગંગાજળિયામાં ૧, ભરતનાગરમાં ૧, ઉમરાળામાં ૨ અને મહુવા પોલીસ મથકમાં ૧ મળીને કુલ ૧૭ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. આ અંગે ભાવનગર ગ્રામ્યના ASP ઘનશ્યામ ગૌતમે જણાવ્યું હતું કે, કોઈપણ સગીરા કે મહિલાને લાલચ આપી ભગાડાશે તો 'ઓપરેશન સીતા' હેઠળ સખત કાનૂની કાર્યવાહી કરાશે. તેમણે વાલીઓને પણ પોતાની દીકરીઓ પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી છે.

## નિર્મળનગરમાં દાળપુરીની લારીએ નાસ્તો કરતા યુવાન પર ચાર શખ્સોનો છરી વડે ખૂની હુમલો

ભાવનગર,તા.૨૫

ભાવનગર શહેરના નિર્મળનગર વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા કૃપાલસિંહ ભુપતસિંહ ચૌહાણ પર ગત રાત્રે જૂની અદાવત અને આગેવાની બાબતે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ગઈકાલે રાત્રે સવા અગિયાર વાગ્યાના સુમારે કૃપાલસિંહ નિર્મળનગરમાં માધવરત્ન બિલ્ડીંગ પાસે આવેલી મહાદેવ દાળપુરીની લારીએ નાસ્તો કરી રહ્યા હતા. તે દરમિયાન કુશ દીપકભાઈ પરમાર, નિલેશ જયેશભાઈ, સંજય ઉર્ફે ઢબુ અને એક અજાણ્યો શખ્સ ત્યાં આવી પહોંચ્યા હતા. "તું શા માટે આગેવાની લે છે?" તેમ કહી અગાઉના ઝઘડાની દાઝ રાખી આરોપીઓએ તેમને ગાળો આપી હતી અને ઝપાઝપી કરી હતી. આ દરમિયાન કુશ પરમારે પોતાના હાથમાં રહેલી છરીના બે-ત્રણ ઘા કૃપાલસિંહના ડાબા પગના ગોઠણના ઉપરના ભાગે મારી દીધા હતા. જ્યારે સંજય ઉર્ફે ઢબુએ શર્ટના ખિસ્સામાંથી બળજબરીથી રૂ. ૫૦૦ ની નોટ લૂંટી લીધી હતી અને અન્ય આરોપીઓએ ઢીકાપાટુનો માર માર્યો હતો.

આ દરમિયાન મિત્રો વચ્ચે પડતા આરોપીઓ "હવે પછી અમારી મેટરમાં દખલ કરીશ તો જાનથી મારી નાખીશું" તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત કૃપાલસિંહને સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, આ બનાવ અંગે ફરિયાદ નોંધાવતાનીલમબાગ પોલીસે બી.એન.એસ. કલમ ૧૧૮(૧), ૩૦૯(૬), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૫૪ અને જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**૫૦૦ ની નોટ લૂંટી લીધી, હવે પછી અમારી મેટરમાં દખલ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની નિલમબાગ પોલિસ મથકમાં ફરિયાદ દાખલ**

અનુ.પાના ૮નું શરૂ...

## મુખ્યમંત્રીના હસ્તે ભાવનગરને રૂ.૭૩૮.૦૯ કરોડના

મહાનગરપાલિકાના રૂ.૬૨૧.૬૩ કરોડના ૩૦ વિકાસકામો, માર્ગ અને મકાન વિભાગ-રાજ્યના રૂ.૧૩.૧૯ કરોડના ૧ કામ, માર્ગ અને મકાન વિભાગ-પંચાયતના રૂ.૫૭.૦૩ કરોડના ૪૬ કામો તથા પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓના રૂ.૧૩.૨૪ કરોડના કામનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વયોશ્રી યોજનાના ૫ લાભાર્થીઓને કિટ વિતરણ, ૧૩ સફાઈ કર્મચારીઓનું સન્માન તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૫ લાભાર્થીઓને પ્રતિકરૂપે ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી.કાર્યક્રમમાં કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી જીતુભાઇ વાઘાણી, મંત્રી કૌશિક વેકરીયા, મેયર ઉષાબેન તલરેજા, જિલ્લા પંચાયતના પ્રમુખ અશોક લાધવા, ધારાસભ્યો સેજલબેન પંડ્યા, શિવાભાઈ ગોહિલ, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહ, જિલ્લા પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલ, કલેકટર બંસલ, મ્યુ. કમિશનર મીના, આઈજી રાજેન્દ્ર અસારી, એસપી નિતેશ પાંડે, ડીડીઓ ચૌધરી, પૂર્વ સંસદ ભારતીબેન શિયાળ, પૂર્વ ધારાસભ્ય વિભાવરીબેન દવે, ભાજપના પ્રદેશ અગ્રણી અભયસિંહ ચૌહાણ, પ્રભારી કમલેશ મીરાણી, પૂર્વ શહેર પ્રમુખ રાજીવ પંડ્યા, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન રાજુ રાબડીયા સહિતના ભાજપના આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહેલ જયારે લીલા ગ્રુપના ચેરમેન કોમલકાંત શર્મા સહિતના ઉદ્યોગપતિ, અગ્રગણય નાગરિકો અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વલ્લભીપુર લૂંટ કેસમાં ફરાર રીઢો ગુનેગાર સાણંદ નજીકથી ઝડપાયો

### અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે દરોડો પાડી આરોપીની અટકાયત કરી



ભાવનગર,તા.૨૫

રાજયમાં ફરાર અને અસામાજિક તત્વો સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) ની ટીમે ભાવનગર જિલ્લાના વલ્લભીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી લૂંટના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસતા-ફરતા રીઢા ગુનેગાર સંજય દશરથભાઈ ઝીલીયાને ઝડપી પાડ્યો છે.

LCB ને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે સાણંદ તાલુકાના કોદાળીયા ગામના દેવીપૂજક વાસમાં દરોડો પાડીને BNS કલમ-૩૦૯(૬), ૫૪ તથા જી.પી.એક્ટ-૧૩૫ મુજબના લૂંટના ગુનામાં વૉન્ટેડ સંજય ઝીલીયાની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન સામે આવ્યું છે કે ઝડપાયેલો આરોપી અગાઉ પણ અનેક વિસ્તારોમાં ગંભીર ગુના આચરી ચૂક્યો છે, જેમાં વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ માં સાણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં લૂંટના ૨, સાણંદ GIDC માં ૨, કેરાળા GIDC માં ધાડ-ચોરીનો ૧ તથા ચાંગોદર પોલીસ સ્ટેશનમાં લૂંટનો ૧ ગુનો મળી કુલ અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેના પગલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## બગદાણા પોલીસે PGVCL વાયર ચોરીનો ગુન્હો ઉકેલ્યો

### બોલેરો પીકઅપ ગાડીમાં ચોરીનો વાયર લઈ જતા લોંગડી ગામના પુલ નજીકથી બગદાણા પોલીસે દબોચી લીધા

ભાવનગર,તા.૨૫

ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશકુમાર પાંડે અને નાયબ પોલીસ અધિક્ષક રીમા ઝાલાના માર્ગદર્શન હેઠળઅનડીટેક્ટ ગુનાઓ તાત્કાલિક શોધવાની સૂચના આધારે બગદાણા પોલીસે મોણપર ગામ ખાતે આવેલા ગોડાઉનમાંથી થયેલી PGVCLના વાયરની ચોરીનો ગુનો ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે.

ગત તા. ૧૫/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિ દરમિયાન મોણપર ખાતેના ગોડાઉનમાંથી ૅ્ફઝન્ના થાંભલા સાથે બાંધવાના એલ્યુમિનિયમ કન્ડક્ટર વાયર (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦/-)ની ચોરી થઈ હતી. આ દરમિયાન બગદાણા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ ધનસુખભાઈ ધાનકવાડીયાને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે આરોપીઓ ચોરીના વાયર સાથે બોલેરો પીકઅપ ગાડી લઈને કળસાર ગામ તરફથી ભાવનગર નેશનલ હાઈવે તરફ જઈ રહ્યા છે.

બાતમીના આધારે પોલીસ ઈન્સપેક્ટર કે.કે. રાઠોડ અને તેમની ટીમે લોંગડી ગામ નજીક આવેલા પુલ પાસે વોચ ગોઠવી નેશનલ હાઈવે પર વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન શંકાસ્પદ સફેદ રંગની બોલેરો પીકઅપને રોકી તપાસ કરતા તેમાંથી ?૧,૫૦,૦૦૦ની કિંમતનો ૫૦૦ કિલો ચોરાઉ એલ્યુમિનિયમ વાયર મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી ચાર આરોપીઓ—રાહુલ ઓધાભાઈ જોળીયા (ઉં.વ. ૨૪), સુરેશ ભરતભાઈ શીયાળ (ઉં.વ. ૧૯), રામદાસ હરીદાસ દાણીધારીયા (ઉં.વ. ૨૪) અને કિશોર ઓધાભાઈ જોળીયા (ઉં.વ. ૨૮)ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહુવામાં ચોરાઉ બાઈક સાથે આરોપી ઝડપાયો

### નંબર પ્લેટ વગરની હોન્ડા સાઈન સાથે નેસવડના શખ્સને દબોચી લેવાયો

ભાવનગર,તા.૨૫

ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય અને મહુવા નાયબ પોલીસ અધિક્ષક રીમા ઝાલાના માર્ગદર્શન હેઠળ મહુવા ટાઉન પોલીસે કારખાનાના પાર્કિંગમાંથી બાઈક ચોરી થવાનો વણશોધાયેલ ગુનો ગણતરીના સમયમાં શોધી કાઢ્યો છે. મહુવા ટાઉન પોલીસ મથકના સ્ટાફ દ્વારા વિસ્તારમાં પેટ્રોલીગ હાથ ધરવામાં આવ્યું હતું. તે દરમિયાન આગળ-પાછળ નંબર પ્લેટ વગરની હોન્ડા સાઈન મોટરસાયકલ સાથે શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા સંજય ભાણાભાઈ બારૈયા (ઉં.વ. ૨૫, રહે. ખોડીયારનગર, નેસવડ ગામ, તા. મહુવા)ને અટકાવી પુછપરછ કરવામાં આવી હતી. પુછપરછ દરમિયાન તેણે આ બાઈક મહુવાના એક કારખાનાના પાર્કિંગમાંથી ચોરી કર્યું હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે આરોપી પાસેથી રૂ. ૪૦,૦૦૦ની કિંમતનું ચોરાઉ હોન્ડા સાઈન બાઈક કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ આરોપી સંજય બારૈયા ભૂતકાળમાં પણ મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ચોરી અને જી.પી. એક્ટ હેઠળ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આ સફળ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર બી.એમ. કરમટાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ એચ.એચ. ભવા, પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઈ વલ્લભભાઈ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## જાહેર નિવિદા

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના ઠાડચ ગામે મંજુર થયેલ વિકાસના કામ નિચે મુજબ છે

| ક્રમ | કામ | ગ્રામ્ય | રકમ |
|---|---|---|---|
| (૧) | કોઝવેનું કામ (૨૦૨૫-૨૬) | ૧૫મું નાણા (ગ્રા) | ૪.૦૦,૦૦૦/- |
| (૨) | અંડર ગ્રાઉન્ડ ગટર (૨૦૨૫-૨૬) | ---- | ૪.૦૦,૦૦૦/- |
| (૩) | સિ.સિ. પેવિંગ બ્લોક (૨૦૨૫-૨૬) | ---- | ૩.૪૯,૫૦૯/- |
| (૪) | અંડર ગ્રાઉન્ડ ગટર | ૧૫૧ વિવેકાધિન | ૫.૦૦,૦૦૦/- |

ઉપરોક્ત કામ માટે માલ સામાન ભાવો રસ ધરાવતી પાર્ટી પાસે મંગાવાતા હોઈ જે ભાવો ૦૫ (પાંચ) દિવસમાં ગ્રા.પ. કચેરી પહોતા કરવા.

લી.
ઠાડચ ગ્રા.પં.

**અરજદાર તરફે વિ.વ.શ્રી :- એસ.બી.પ્રબતાણી**

**પાલીતાણાનાં મ્હે. એડી. ચીફ જયુડી. મેજી.સા.ની કોર્ટમાં, મું. પાલીતાણા, જી.ભાવનગર.**

**પ.ફો.અ.નં. ૨૩૮/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**જુજરભાઈ ફકરૂદીનભાઈ લક્ષ્મીધર**
**રહે. સીપાઈવાડા, પાલીતાણા,જી.ભાવનગર.....અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**રજીસ્ટારશ્રી, જન્મ મરણ શાખા**
**નગરપાલીકા, પાલીતાણા.....સામાવાળા**

**બાબત :-જન્મ-મરણ અન્વયે મરણ/અવસાનની નોંધણી અંગેની અરજી.**

**-: જાહેર નોટીસ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના પાલીતાણા, અરજદાર જુજરભાઈ ફકરૂદીનભાઈ લક્ષ્મીધર રહે.સીપાઈવાડા, શ્રી.ભાવનગરનાઓએ તેમના પિતા "લક્ષ્મીધર ફકરૂદીન અકબરઅલીનોઓનુ" મરણ/અવસાન તા.૦૨/૦૫/૧૯૮૨ ના રોજ પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અંત્રેની કોર્ટમાં મું.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ૨૧ માહેઃ ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (પી.એમ.જાની) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એસ.વી.રવીસાહેબ) ઈ./ચા. રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી. ચીફ જયુડી, મેજી. કોર્ટ, પાલીતાણા

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- આર.પી. વાળા**
**પર.ફોજદારી અરજી નં.૩૪૭/૨૦૨૬**
**મુદત તારીખ: ૦૯/૧૦/૨૦૨૬**

**બેચરભાઈ મુળજીભાઈ વિરાણી**
**રહે. મું. રંડોળા, તા. પાલીતાણા, જી. ભાવનગર.........અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, રંડોળા, તા. પાલીતાણા, જી. ભાવનગર**
**........સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર બેચરભાઈ મુળજીભાઈ વિરાણી રહે. મું. રંડોળા, તા. પાલીતાણા, જી. ભાવનગરના પુત્ર કાંતીભાઈ બેચરભાઇ વિરાણીનો જન્મ તારીખ ૨૦/૦૭/૧૯૮૧ ના રોજ મું. રંડોળા, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ રંડોળા ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૦૯/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજરોજ તારીખ ૨૪/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.**

તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (એસ.વી.સ્વીસાહેબ) સુપ્રી. — કોર્ટનો સિક્કો — હુકમથી (એસ.જે.પરાંજપે) રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જયુડી.મેજી. કોર્ટ, પાલીતાણા


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**સિગ્નલિંગ સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

**W.118/NIT/E-Tender/2026-27/14/WA; તારીખ: 23/09/2026;** ઈ-ટેન્ડર માટે આમંત્રણ સૂચના, મંડળ રેલવે મેનેજર (S&T), પશ્ચિમ રેલવે, ભાવનગર, ભારતના રાષ્ટ્રપતિ વતી નીચે દર્શાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં.: DRM-SnT-BVP-Sig015of26-27:** ભાવનગર મંડળમાં નીચે દર્શાવેલ કામોના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ: (i) ધોળા – સોનગઢ – CC+8+2 રૂટ્સ – TRR(P) – 11 Tkm. (ii) કોટરિયા – રિબડા – TRR(P) – 10.000 Tkm. (iii) રાજકોટ – જેતલસર – TRR(P) – 5.320 Tkm. (iv) કાનાલુસ – પોરબંદર સેક્શન: પોરબંદર, વાંસજાળિયા, ભાણવડ, ગોપ જામ અને લાલપુર જામ ખાતે કુલ 5 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (v) રાજકોટ – જેતલસર સેક્શન: વિરપુર, ગોંડલ, રિબડા અને જેતલસર જંક્શન ખાતે યાર્ડમાં સુધારણા અને અપગ્રેડેશન. (vi) જેતલસર – શાપુર સેક્શન: જુનાગઢ, શાપુર અને વડાલ સ્ટેશનો ખાતે કુલ 3 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (vii) જુનાગઢ – સોમનાથ સેક્શન: લૂશાળા, કેશોદ, માળિયા હટીના, ચોરવાડ, આદરી રોડ અને વેરાવળ સ્ટેશનો ખાતે કુલ 6 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (viii) જેતલસર – વાંસજાળિયા સેક્શન: ધોરાજી, ઉપલેટા, ભાયાવદર, જામ જોધપુર અને બલવા સ્ટેશનો ખાતે કુલ 5 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (ix) DEN-W અધિકારક્ષેત્ર: ધોરાજી અને જામ જોધપુર સ્ટેશનો ખાતે કુલ 5 સ્ટેશનોમાં ટ્રેક મશીન સાઇડિંગની વ્યવસ્થા કરવી; **અંદાજિત કિંમત:** ₹ 2,15,90,226.49/- (રૂપિયા બે કરોડ પંદર લાખ નેવું હજાર બ સો છવ્વીસ અને ઓગણપચાસ પૈસા માત્ર); બોલી લગાવનારાઓએ માત્ર www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઇન અરજી કરવાની રહેશે; વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in વેબસાઇટની મુલાકાત લો. ઓનલાઇન અરજી કરવાની **અંતિમ તારીખ 15/10/2026 ના રોજ 15:00 કલાક સુધી છે.**

BVP – 136

અમને લાઈક કરો: facebook.com/WesternRly

